# ગુજરાતી સાહિત્ય પરિષદ

ગોવર્ધનભવન, 'ટાઈમ્સ' પાછળ, નદીકિનારે, આશ્રમમાર્ગ, અમદાવાદ-૯. ફોન : ૨૬૫૭૬૩૭૧


તા. ૫-૧૦-૨૦૨૩

**ગુજરાતી સાહિત્ય પરિષદ - વર્ષ ૨૦૨૪-૨૦૨૬**

**ચૂંટણી અંગે**

સહૃદયશ્રી,

ગુજરાતી સાહિત્ય પરિષદની વર્ષ ૨૦૨૪-૨૬ની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થઈ ગયો છે. એ અંતર્ગત આપને આ મતપત્રકો અમે મોકલી રહ્યા છીએ. ગુજરાતી સાહિત્ય પરિષદના નવા બંધારણ અનુસાર આ વર્ષે પ્રમુખ તેમજ મધ્યસ્થ સમિતિની ચૂંટણી એક સાથે થનાર છે. આ ચૂંટણી અંગે મહત્ત્વની બાબતો નીચે મુજબ છે.

(૧) **પ્રમુખ : ૨૦૨૪-૨૦૨૬**

આ સાથે આપને ગુજરાતી સાહિત્ય પરિષદની ૨૦૨૪-૨૦૨૬ના વર્ષ દરમિયાનના **પ્રમુખની ચૂંટણી** માટેનું મતપત્ર મોકલવામાં આવે છે. ચૂંટણીમાં કુલ- ૦૩(ત્રણ) ઉમેદવારો ઊભા રહ્યા છે. તેમનાં નામો મતપત્રમાં **વર્ણાનુક્રમે** ગોઠવેલાં છે. આમાંથી આપે ગમે તે **એક** નામની સામે દર્શાવેલા ખાનાંમાં ચોકડીનું (**X**)નિશાન કરી મત આપવાનો છે.

(૨) **મધ્યસ્થ સમિતિ : ૨૦૨૪-૨૦૨૬**

ગુજરાતી સાહિત્ય પરિષદની આગામી **મધ્યસ્થ સમિતિની ચૂંટણી** માટેનું મતપત્ર મોકલવામાં આવે છે. કુલ-૬૦(સાઈઠ) ઉમેદવારો ચૂંટણીમાં ઊભા રહ્યા છે. તેમનાં નામો મતપત્રમાં વર્ણાનુક્રમે ગોઠવેલાં છે. આમાંથી આપે કોઈ પણ ચાલીસ નામની સામે દર્શાવેલાં ખાનામાં ચોકડીનું નિશાન **(X)** કરી મત આપવો આવશ્યક છે. **ચાલીસથી ઓછી કે વધુ ચોકડી કરવાથી મતપત્ર રદ થશે** તે બાબતમાં આપનું ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે.

(૩) **મત આપવા તેમજ મતપત્રક મોકલવા અંગે :**

આપને મળેલાં પરબીડિયામાં બીજાં ચાર પરબીડિયાં અને બે મતપત્રકો છે. આ પરબીડિયા નંબર-૧ (૧) ઉપર **'ખાનગી/મતદાન'** અને પરિષદનું સરનામું છપાયેલું હશે. બે (૨) નંબરનું પરબીડિયું કાઉન્ટરફૉઈલનો નંબર તથા મતદારની સહી અને સરનામાની જગ્યા ધરાવતું હશે. ત્રણ (૩) નંબરનું પરબીડિયું સાદું પરબીડિયું હશે, જેની ઉપર **'ખાનગી/મતદાન'** અને ક્રમાંક ૩ સિવાય બીજું કશું જ લખેલું કે છાપેલું નહીં હોય. ચાર (૪) નંબરનું પરબીડિયું મતપત્રકો મૂકવા માટેનું સાદું પરબીડિયું છે.

મતદાન કર્યા પછી મતદાર ચાર નંબરના પરબીડિયામાં **બંને મતપત્રકો** મૂકશે અને આ ચાર નંબરના પરબીડિયાને ત્રણ નંબરના પરબીડિયામાં મૂકશે. જેને બે નંબરના પરબીડિયામાં મૂકવાનું રહેશે. **મતદાર આ બે નંબરના પરબીડિયા પર પોતાની સહી કરશે અને પોતાનું સરનામું કરશે. સહી અને સરનામું એ બંને બાબતો આ બે નંબરના પરબીડિયા ઉપર આવશ્યક છે. અન્યથા મતપત્ર રદ થશે. આ બે નંબરનું પરબીડિયું એક નંબરના પરબીડિયામાં મૂકી જરૂરી ટપાલ-ટિકિટ લગાવી, ઉપર કશુંય લખ્યા વિના જ ટપાલમાં અથવા કુરિયરથી રવાના કરવાનું રહેશે.** રૂબરૂ કે અન્ય રીતે આવેલું તેમજ ઉપર કશુંક લખેલું હોય એવા પરબીડિયામાંનાં મતપત્રકો રદ ગણાશે.

આપની પાસે મતપત્રો પહોંચે કે તરત જ આપની પસંદગીના ઉમેદવાર સામે ચોકડી કરીને તે વળતી ટપાલે રવાના કરશો. તા.૦૪-૧૧-૨૦૨૩ને સોમવારના રોજ ૬.૦૦ વાગ્યા પછી મળેલાં મતપત્રો ગણત્રીમાં લેવાશે નહીં, તેની નોંધ લેવા વિનંતી છે.

(૪) **મતગણતરી તેમજ પરિણામ અંગે :**

મતગણતરી તા.૦૬-૧૧-૨૦૨૩ સોમવારે સવારે ૯.૦૦ વાગ્યે શરૂ કરવામાં આવશે. જે ઉમેદવાર/આજીવન સભ્ય હાજર રહેવા માગતા હોય તે હાજર રહી શકશે. **પરિણામની જાહેરાત નવેમ્બરના 'પરબ' માસિકમાં કરવામાં આવશે. મતપત્રો સિવાય અન્ય કોઈ કાગળ કવરમાં મૂકવો નહીં કે મતપત્રો પર નોંધ લખવી નહીં, અન્યથા મતપત્રો રદ થશે.**

પ્રવીણ ત્રિવેદી (આઈ. એ. એસ. નિવૃત્ત)

ચૂંટણી અધિકારી